**C.C.No.**3082/2025.

सत्यमेव जयते

| | | |
|---|---|---|
| GJRJ050040362025 | ફરિયાદ રજૂ થયા તારીખ | ૦૫/૧૨/૨૦૨૫. |
| | ફરિયાદ દાખલ તારીખ | ૦૫/૧૨/૨૦૨૫. |
| | ફરિયાદ નિકાલ થયા તારીખ | ૧૧/૦૩/૨૦૨૬. |
| | અવધિ | વર્ષ માસ દિવસ<br>૦ ૩ ૬ |

**મહે.જેતપુરના જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની**

**કોર્ટમાં, મુ.જેતપુર, જિ.રાજકોટ.**

**ફોજદારી કેસ નં.૩૦૮૨/૨૦૨૫.**

**જે.ઉ.ગુ.ર.નં.૦૨૪૭/૨૦૨૫.**

**આંકઃ-**

**ફરિયાદીઃ-** શ્રી સરકાર.

**//વિરુદ્ધ//**

**આરોપીઃ-** મિલનભાઈ મુકેશભાઈ ભાસ્કર ઉ.વ.૨૬

રહે.જલારામ નગર-૩,મહાદેવ પાન પાસે

તા.જેતપુર, જિ.રાજકોટ.

---

<u>ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી. આર.કે.વસાવા.</u>

<u>આરોપી તરફે વિદ્વાન વકીલ ડી.એમ.વાઘેલા</u>

---

---

**ગુનોઃ–** ધી ગુજરાત પ્રોહિબિશન એક્ટની કલમ–૬૫(એ)(એ) મુજબ.

---

## // ચુકાદો //

(૧) આ કેસમાં આરોપી સામે ગુજરાત પ્રોહિબિશન એક્ટની કલમ–૬૫(એ)(એ) મુજબ ગુનો નોધવામાં આવેલ છે.

(૨) ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, તા.૦૯/૦૬/૨૦૨૫ના રોજ કલાકઃ૧૯.૧૫ થી ૧૯.૪૫ આ કામના આરોપીએ પોતાના રહેણાંક મકાને ગે.કા. દેશી દારુ લીટર ૧૦ કિ.રૂ.૨૦૦૦/– નો રાખી મળી આવતાં, ધી ગુજરાત પ્રોહિબિશન એકટની કલમ–૬૫(એ)(એ) મુજબનો ગુનો કરેલ છે.

(૩) ફરિયાદીની ફરિયાદને આધારે તપાસ પૂરી થયા બાદ પોલીસે ચાર્જશીટ રજૂ કરેલ છે. ચાર્જશીટને આધારે આરોપીને સમન્સ બજી હાજર થતા બી.એન.એસ.એસ.ની કલમ–૨૩૦ મુજબ પોલીસ પેપર્સની નકલો આપવામાં આવેલ છે અને તેઓને તહોમતનામું ફરમાવી વાંચી સંભળાવી સમજાવતા ગુનો કબૂલ છે કે નહિ તે અંગે પૂછતા તેઓ ગુનો કબૂલ નથી એવું જણાવતા કોર્ટની કાર્યવાહી આગળ ચલાવેલ છે.

(૪) આ કામે ફરિયાદપક્ષ તરફે નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજૂ થયેલ છે.

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | પંચ સાહેદ સવદાસ નાગજીભાઈ બાપોદરાની જુબાની. | ૦૭ |
| ૨ | પંચનામું. | ૦૮ |
| ૩ | પંચ સાહેદ મુકેશભાઈ મથુરદાસ ધાણકની જુબાની. | ૦૯ |
| ૪ | ફરીયાદ | ૧૦ |

(૫) ફરિયાદપક્ષે પુરાવો પુરો થયેલાનું જાહેર કરતા બી.એન.એસ.એસ.ની કલમ–૩૫૧ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. તેમાં આરોપી પોતે નિર્દોષ છે એવું જણાવેલ છે અને ફરિયાદને ખોટી જણાવેલ છે.

(૬) ત્યારબાદ ફરિયાદપક્ષ તરફે વિદ્વાન એ.પી.પી.શ્રીની તથા આરોપીપક્ષ તરફે વિદ્વાન વકીલશ્રીની મૌખિક દલીલો સાંભળી.

(૭) આ કેસની ઉપરોક્ત હકીકતે આ કેસના આખરી નિર્ણય માટે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

મુદ્દા નં.૧ શું તા.૦૯/૦૬/૨૦૨૫ના રોજ કલાકઃ૧૯.૧૫ થી ૧૯.૪૫ આ કામના આરોપીએ પોતાના રહેણાંક મકાને ગે.કા. દેશી દારુ લીટર ૧૦ કિ.રૂ.૨૦૦૦/– નો રાખી

મળી આવતાં, ધી ગુજરાત પ્રોહિબિશન એકટની કલમ–
૬૫(એ)(એ) મુજબનો ગુનો કરેલ છે?

મુદ્દા નં.૨ શું આખરી હુકમ?

(૮) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

મુદ્દા નં.૧ નકારમાં.

મુદ્દા નં.૨ આખરી હુકમ મુજબ.

(૯) ઉપરોક્ત મુદ્દા અંગેના કારણો નીચે મુજબ છે?

## // કા ર ણો //

(૧૦) આ કામે ફરિયાદપક્ષે રજૂ થયેલ રેકર્ડ પરનો પુરાવો તથા ફરિયાદપક્ષે પંચ સાહેદોની જુબાની તથા ફરિયાદ તથા પંચનામું જોતાં જણાઈ આવે છે કે, ફરિયાદની હકીકતના અનુસંધાને તપાસ કરનાર અમલદાર દ્વારા કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લેવામાં આવેલ નથી. મુદ્દામાલની રેડ પંચોને સાથે રાખીને કરવામાં આવેલી હોય અને મુદ્દામાલ દારૂ પંચનામાની વિગતે પંચો રૂબરૂ કબજે કરવામાં આવેલ હોય તેવું પંચ સાહેદ પોતાની સોગંદ પરની જુબાનીમાં પંચનામાની કોઈ હકીકતને સમર્થન આપતા ન હોય ફરિયાદપક્ષ દ્વારા તેઓને હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલ છે જેથી પંચનામાને સમર્થન મળતું નથી. વધુમાં આરોપીના શરીરના બાંધાનું કોઈ વર્ણન

કરેલ નથી. જેથી મુદ્દામાલનો કબજો આરોપી પાસે હતો તે હકીકત પણ નિઃશંકપણે સાબિત થતી નથી. વધુમાં આ કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ દારૂ જ હતો, તે બાબતનું એફ.એસ.એલ.નું સર્ટિફિકેટ પણ રજૂ નથી, દારૂના કેસમાં મળી આવેલ મુદ્દામાલ દારૂ જ હતો તેમ નિઃશંકપણે ફરિયાદપક્ષે પુરવાર કરવું પડે જે આ કેસમાં ફરિયાદપક્ષે પુરવાર થતું ન હોય આરોપીને શંકાનો લાભ મળવા પાત્ર છે.

**(૧૧)** આમ, આ કામના આરોપીએ પાસ પરમિટ વગર ગેરકાયદેસર રીતે દેશી દારૂ પોતાના કબજામાં રાખેલ હોય તેવી હકીકત ફરિયાદપક્ષે નિઃશંકપણે સાબિત થતી નથી. આમ, આ કેસમાં રજૂ થયેલ સમગ્ર પુરાવો ધ્યાને લેતા તેઓની સામેના ગુનામાં તકસીરવાર ઠરાવવા માટે યોગ્ય અને જરૂરી પુરાવાનો અભાવ હોય મુદ્દા નં–૧નો જવાબ હું નકારમાં આપું છું, જેથી મુદ્દા નં–૨ અન્વયે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>//હુકમ//</u>**

૧. આ કામના આરોપીને બી.એન.એસ.એસ.ની કલમ–૨૭૧(૧) અન્વયે ગુજરાત પ્રોહિબિશન એક્ટની કલમ–૬૫(એ)(એ) મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આરોપીએ અગાઉ રજૂ કરેલ જામીનને અપીલ સમય સુધી ચાલુ રાખવા વિકલ્પે રૂ.૫૦૦૦/– ના જામીન રજૂ કરવા.

૩. મુદ્દામાલનો અપીલ સમય બાદ નાશ કરવો.

સદરહુ હુકમ આજરોજ તારીખઃ૧૧, માહેઃમાર્ચ, સનેઃ૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખઃ૧૧/૦૩/૨૦૨૬.

મુકામઃ જેતપુર.

**(ધવલકુમાર મીઠાભાઈ પરમાર)**

**જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ,**

**જેતપુર.**

**UIC–GJ**01563.

**Typed by:–** **K.M.Vaja,**

**Gujarati Stenographer**